ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



વર્ષા ઉરેશ મહેતા
મો. ૭૫૬૭૮ ૪૯૧૫૨



વાસુદેવભાઈ એન અજબાણી
મહામંત્રી, બ્રહ્મભટ્ટ સમાજ
મો. ૯૪૨૮૦ ૨૯૫૪૦



ધ્વનીત અમીતભાઈ દવે
મો. ૯૦૯૯૦ ૯૧૨૮૧



આયુષ મિતેષકુમાર મોદી

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

રાજ્યમાં સૌપ્રથમ વખત પૅરેન્ટ્સ ઍસોસિએશન દ્વારા

# માનસિક વિશિષ્ટ બાળકો માટે કૌશલ્યવર્ધન કેન્દ્રનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૮

રોજગાર અને તાલીમ નિયામક, ગાંધીનગર દ્વારા રાજ્યમાં પ્રથમ વખત સાધના પૅરેન્ટ્સ ઍસોસિએશન ઑફ મૅન્ટલી ચૅલેન્જડ પર્સન્સ, ગાંધીનગરને માનસિક વિશિષ્ટ બાળકો માટે કૌશલ્યવર્ધન કેન્દ્રની મંજૂરી આપવામાં આવી છે.

આ કૌશલ્યવર્ધન કેન્દ્રમાં માનસિક વિશિષ્ટ વ્યક્તિઓને પ્રવેશ આપવામાં આવી રહ્યો છે અને તાલીમના અંતે પ્રમાણપત્ર પણ આપવામાં આવશે. સંસ્થા વોકેશનલ ટ્રેનીંગ વર્કશૉપનું આયોજન પણ કરશે. આ અંગેની વધુ વિગતો માટે મોબાઈલ નંબર ૯૮૯૮૫ ૯૪૩૫૦ અને ૯૮૭૯૫ ૪૬૭૬૬ દ્વારા સંસ્થાનો સંપર્ક સાધવા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## રાજ્યમાં ૧ કરોડથી વધું નાગરિકો યોગ કરશે

તન અને મનના સ્વાસ્થ્ય માટે અમૂલ્ય અને પ્રાચીન વિરાસત સમાન યોગના વિશ્વ પ્રયોગની યશસ્વી ઘટના ફરીથી એક વખત સાકાર થવા જઈ રહી છે. ૨૧ જૂન વિશ્વ યોગ દિવસની ઉજવણી રાજ્ય-દેશ સહિત સમગ્ર વિશ્વમાં થનાર છે. અમદાવાદ સ્થિત જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ ખાતે રાજ્ય કક્ષાનો વિશ્વ યોગ દિવસ ઉજવાશે. આ કાર્યક્રમમાં રાજ્યપાલ ઓ.પી. કોહલી તથા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ઉપસ્થિત રહેશે. જ્યારે અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં નિકોલ ખાતે યોજાનાર કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી શ્રી જે.પી. નડ્ડા તથા ગુજરાતના કાયદા રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજા ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત સાબરમતી નદીના કિનારે રીવરફ્રન્ટ તેમજ જિલ્લાના તમામ તાલુકા મથકોએ પણ સામૂહિક યોગ નિદર્શન યોજાશે. શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ અંગેની વિગતો આપતા પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સંયુક્ત રાષ્ટ્રસંઘમાં ૨૧ જૂનને વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવવાની દરખાસ્ત મુકતા યુનોએ તેનો સ્વીકાર કર્યો. એ અર્થમાં વડાપ્રધાને ગુજરાત અને સમગ્ર ભારત દેશને અનેરું સન્માન અને ગૌરવ અપાવ્યું છે.

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા

# જરૂરિયાતમંદોને જરૂરી વસ્તુઓનું વિતરણ





ગાંધીનગર, તા. ૧૮

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ભિલોડા તાલુકાના છાત્રેશ્વરી ગામનાં ૩૫ વૃધ્ધોને ખાંડ, ગોળ, ૧ કિગ્રા ચ્હા, ૨ કિગ્રા ચોખા, મરચું, કોપરેલ વિગેરે ૧૧ વસ્તુઓનું વિતરણ શુક્રવારે કરવામાં આવ્યું.

આ સાથે મોડાસા તાલુકાના વાંટડામાં પણ ૪૦ જેટલા લાભાર્થીઓને ચોખા, ખાંડ, ચ્હા, મગ વિગેરે સાથે ઍલ્યુમિનીયમની તપેલી તથા પ્લાસ્ટીકની બરણી આપવામાં આવી હતી.

આ ઉપરાંત છાત્રેશ્વરીમાં સ્કૂલનાં ૯૦ જેટલાં બાળકોને નાસ્તો તથા આંગણવાડીમાં બિસ્કીટ આપવામાં આવ્યાં હતાં, જેનું સૌજન્ય 'રાધે સ્વીટ્સ' તરફથી પ્રાપ્ત થયું હતું.

સંસ્થા તરફથી શ્લોક, કમલેશ, મિલિન્દભાઈ તથા સ્કૂલના સ્ટાફે આ સેવાકાર્યમાં સાથ આપ્યો હતો.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ઉડતા પંજાબ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ફાઈન્ડિંગ ડોરી (૩ડી, અંગ્રજી)
૨.૩૦, ૭.૧૫
ફાઈન્ડિંગ ડોરી (૩ડી, હિન્દી)
૫.૦૦, ૯.૩૦

**સ્ક્રીન-૪**
લવ યુ આલિયા
૧૨.૪૫
હાઉસફુલ-૩
૩.૩૦, ૧૦.૦૦
ટીન
૭.૦૦

**સ્ક્રીન-૫**
ઉડતા પંજાબ
૧૦.૦૦. ૨.૦૦. ૫.૦૦
ધનક
૭.૪૫, ૧૦.૦૦

# શેઠ સી ઍમ હાઈસ્કૂલના નિવૃત્ત થતા શિક્ષકોનો શુભેચ્છા સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૧૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી ઍમ હાઈસ્કૂલ ખાતે કાર્યરત એવા કર્મઠ શિક્ષકો વય નિવૃત્તિ લઈ રહ્યા છે તે પ્રસંગે તેમનો વિદાય સમારોહ યોજાયો હતો.

શાળાના ઉચ્ચતર માધ્યમિક વિભાગના રસાયણશાસ્ત્ર વિષયના તેમજ હાયર સૅકન્ડરી વિભાગમાં સુપરવાઈઝર તરીકે સેવા આપનાર અરુણાબેન એસ પટેલ, રસાયણ વિજ્ઞાનના બબાભાઈ એમ ચૌધરી અને રમણભાઈ એચ પટેલને શાળા પરિવાર તરફથી શાલ ઓઢાડી, સન્માનપત્ર તેમજ સ્મૃતિચિન્હ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનો પ્રાર્થનાથી મંગળ પ્રારંભ થયા બાદ પૂર્વ વિદ્યાર્થી વંદન રાવલ દ્વારા શિક્ષકો સાથેના તેમનાં સંસ્મરણો રજૂ કરી વાતાવરણને ભાવસભર બનાવવામાં આવ્યું હતું. પ્રવર્તમાન વિદ્યાર્થીઓમાં વાઘેલા હિરેનસિંહ અને વિદ્યાર્થીની દેવાંશી ત્રિવેદી તથા શાળાનાં શિક્ષિકા આશાબેન બી પટેલ દ્વારા પ્રતિભાવો રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે નિવૃત્ત થનારા શિક્ષકો અરૂણબેન પટેલ, બબાભાઈ ચૌધરી અને રમણભાઈ પટેલ દ્વારા સંસ્થામાં કાર્ય કરવાની તક મળી તે બદલ સંસ્થાના વિવિધ પદાધિકારીઓ અને અન્યોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. સંસ્થાના પૂર્વ ચૅરમૅન માણેકલાલ એમ પટેલ દ્વારા અપાયેલી પ્રેરણાને તેમણે આ પ્રસંગે યાદ કરી હતી. શિક્ષણ ક્ષેત્રે તેમણે કરેલી કામગીરી સ્વપ્નથી પણ વિશેષ બની રહી અને એ વિદ્યાર્થીઓને ડૉક્ટર, ઍન્જિનીયર બનાવીને જે આનંદની લાગણી તેમજ સંતોષ પ્રાપ્ત થયો તે તેમની વાતમાં સુંદર રીતે અનુભવી શકાતો હતો. શાળાના આચાર્ય બી કે પટેલ પણ ટૂંક સમય માટે વિદેશ જતા હોઈ તેમને પણ આ પ્રસંગે શુભેચ્છા પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે ઉદ્‌બોધન કરતાં તેમણે વિદ્યાર્થીઓના હિત અને ચિંતાઓ બાબતે વાત કરી હતી તથા વિદેશથી પરત આવી પુનઃ સંસ્થાના કાર્યમાં જોડાઈ જવાની તત્પરતા દાખવી હતી. આ કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. ચેતનાબેન બુચ દ્વારા કરવામાં આવ્યું હતું, આભારવિધિ વી ઍમ પટેલ દ્વારા કરવામાં આવી હતી.



ગાંધીનગર ખાતે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની ડિસ્ટ્રીકટ બ્રાંચના સભ્ય કિરપાલસિંહ રાણાએ તેમના જન્મદિવસની ઉજવણી નિમિત્તે રકતદાન કેમ્પનું આયોજન કર્યું હતું. આ રકતદાન કેમ્પમાં મહાનગરપાલિકાના વોર્ડ નં.૧ના મહિલા કોર્પોરેટર હર્ષાબા ધાંધલે અન્ય ૧૩ મહિલાઓ સાથે રકતદાન કરી આ સદકાર્યમાં સહયોગ આપી ધન્યવાદને પાત્ર બન્યા હતા. આ રકતદાન શિબિરમાં કુલ ૨૬ બોટલ રકત એકત્ર થયું હતું. રકતદાન કેમ્પ સાથે કિરપાલસિંહ રાણાએ સમુહ ભોજનનું પણ આયોજન કરી યુવાનોને નવો રાહ ચિંધ્યો હતો. આ રકતદાન શિબિરની સફળતા માટે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના ચેરમેન સુનિલભાઈ સોની, વાઈસ ચેરમેન હિતેષભાઈ રાવલ (એડવોકેટ), સેક્રેટરી જીલુભા ધાંધલ તથા વાઈસ પ્રેસિડન્ટ જયેન્દ્રભાઈ પરીખે ભારે જહેમત ઉઠાવી હતી.

## રાજ્ય સરકાર અમદાવાદ ખાતે યોગ દિવસની ઉજવણી કરશે

ગાંધીનગર, તા. ૧૮

વિશ્વ યોગ દિવસની ઉજવણી રાજ્ય સરકાર દ્વારા અમદાવાદ ખાતે કરવાનું નિયત કરવામાં આવ્યું છે.

આ અંગેની માહિતી આપતાં રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સચિવ મનીષ ભારદ્વાજ દ્વારા જણાવવામાં આવ્યું છે કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના પ્રયત્નોથી સંયુક્ત રાષ્ટ્ર સંઘે ૨૧મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિન તરીકે મનાવવા નિયત કર્યું છે. યોગ એ માત્ર શારીરિક કસરત નથી પરંતુ જીવનશૈલી સાથે જોડાયેલા માનવતાના આદર્શ સિદ્ધાંતો છે. ગુજરાત સરકાર પણ રાજ્યના નાગરિકોમાં આ સિદ્ધાંતોના અનુરોપણ માટે સક્રિય છે ત્યારે વિશ્વ યોગ દિવસની ઉજવણી થકી ઉત્તમ ચારિત્ર્ય નિર્માણનો દઢ સંકલ્પ અનોખી રીતે પ્રસ્તુત કરવામાં આવી રહ્યો છે.

રાજ્ય સરકાર દ્વારા મંગળવારે યોગ દિવસની ઉજવણી સવારે ૬ કલાકે યુનિવર્સિટી ગ્રાઉન્ડ, હેલ્મેટ ચાર રસ્તા, અમદાવાદ ખાતે હાથ ધરવામાં આવી છે. રાજ્યપાલ ઓ પી કોહલી તથા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ આ પ્રસંગે ઉપસ્થિત રહેશે તથા યોગ પ્રવૃત્તિમાં ભાગ લેશે એમ તેમણે વધુમાં જણાવ્યું છે.

# આજે 'પાનીહાટી ચિડા - દહીં મહોત્સવ'ની હરે કૃષ્ણ મંદિર ખાતે ઉજવણી કરાશે

ગાંધીનગર, તા. ૧૮

ઈ.પૂ. સન ૧૪૮૬ વર્ષમાં સર્વશક્તિમાન ભગવાન શ્રીકૃષ્ણ બંગાળમાં શ્રીધામ માયાપુરમાં શ્રી ચૈતન્ય મહાપ્રભુરૂપે અવતર્યા હતા. તેમના આ અવતાર પાછળનો મુખ્ય ઉદેશ યુગધર્મ સ્થાપવાનો હતો - લોકસમુદાય દ્વારા ભગવાનના પવિત્ર નામનું રટણ કરવાનો હતો. ભગવાન બલરામ નિત્યાનંદ પ્રભુ સ્વરૂપે અવતર્યા હતા અને ભગવાનના બીજા ઘણા બધા શાશ્વત સખાઓએ પણ એ સમયે જન્મ લીધો હતો અને ભગવાનના આ ઉદેશમાં સહભાગી બની જોડાયા હતા. શ્રીલા રઘુનાથ દાસા ગોસ્વામી તેઓમાંના એક હતા.



શ્રીલા રઘુનાથ દાસા ગોસ્વામી એ ભગવાનના એક સર્વોચ્ચ ભક્ત હતા અને તેઓ પાતે ગૃહત્યાગ કરવા ઈચ્છતા હતા. નિત્યાનંદ પ્રભુ પાનીહાટી ગામમા આવ્યા અને ત્યાં રોકાયા હતા. આ સમયે પાનીહાટી ગામની નજીક આવેલ શ્રીકૃષ્ણપુરા ગામમાં રહેતા રઘુનાથ દાસાએ તેમના પિતાશ્રી ગોવર્ધન મઝુમદારની આજ્ઞા મેળવી અને નિત્યાનંદ પ્રભુને મળવા પાનીહાટી આવ્યા હતા.

પાનીહાટી ગામમાં ગંગાનદીના કિનારે તેમણે વડવૃક્ષ નીચે ઘણા બધા ભક્તોથી ઘેરાયેલા અને ખડક પર બિરાજમાન નિત્યાનંદ પ્રભુને નિહાળ્યા. રઘુનાથ દાસા આ સમયે ભગવાનની નજીક જવામાં હટકચાટ અનુભવી રહ્યા હતા અને આથી તેમણે ભગવાનને દૂરથી જ નમન કર્યા હતા. તેમ છતાં પણ ભગવાન નિત્યાનંદ પ્રભુએ તેમને નિહાળ્યા અને બળજબરીથી તેમને પોતાની પાસે બોલાવી તેમના મસ્તક પર પોતાના ચરણકમળનો સ્પર્શ કરાવ્યો. ભગવાને રઘુનાથ દાસાને આ મહાઉત્સવ ઉજવવાનો અને બધા ભક્તો ને દહીં અને પૌઆ પ્રસાદરૂપે વિતરણ કરવાનો આદેશ આપ્યો.

રઘુનાથ દાસાએ તુરંત જ પૌઆ, દૂધ, દહીં, મીઠાઈ, કેળા, ખાંડ અને બીજી ખાદ્યવસ્તુઓની ખરીદી કરવાની વ્યવસ્થા કરી. પૌઆને દૂધમાં પલાળવામાં આવ્યા હતા જેમાંથી અડધા ભાગને દહીં, ખાંડ અને કેળા સાથે મિશ્રિત કરવામાં આવ્યા હતા જ્યારે બાકી રહેલ અડધા ભાગમાં ઘટ્ટ કરેલ દૂધ, શુધ્ધ ઘી અને કપૂર મિશ્રિ કરી સ્વાદિષ્ટ બનાવવામાં આવ્યા હતા. દરેક ભક્તને બે માટીના કોડીયા આપવામાં આવ્યા જેમાંથી એકમાં પૌઆ-દહીં અને બીજામાં પૌઆ- ઘટ્ટ કરેલ દૂધને પ્રસાદરૂપે પિરસવામાં આવ્યું હતું.

આ અદભૂત પ્રંસગની યાદગીરીરૂપે દર વર્ષે "ચિડા-દહીં" મહોત્સવ ઉજવવામાં આવે છે. આ ઉત્સવ જેઠ માહ દરમ્યાન પૂર્ણચંદ્રના તેરમા દિવસે (સુદ તેરસ તિથિએ) ઉજવવામાં આવે છે. આ દિવસે યાત્રાળુઓ "ચિડા-દહીં ઉત્સવની ઉજવણી કરવા પાનીહાટી ગામની મુલાકાત લે છે. દર વર્ષે હરેકૃષ્ણ મંદિર, ભાડજ આ ઉત્સવની ઉજવણી કરે છે.

તા. ૧૯ જૂન, રવિવારના રોજ આ ઉત્સવ દરમ્યાન મંદિરમાં આવેલ કુંડને રંગબેરંગી ફૂલો કે જે નિર્મળ જળ ઉપર તરતા રહે તેમ સુંદરરીતે શણગારવામાં આવશે. ભગવાન શ્રી શ્રી નિતાઈ ગોરાંગને મંદિરના મુખ્ય ગર્ભગૃહમાંથી સુંદર રીતે શણગારેલ પાલકી દ્વારા મંદિરકુંડમાં લાવવામાં આવશે. ત્યારબાદ ભગવાનશ્રીનો દૂધ, દહીં, મધ, ગોળનુ પાણી, અને વિશેષ ફળોના રસ દ્વારા અભિષેક કરવામાં આવશે. અભિષેકના ભાગરૂપે ભગવાનની પ્રતિમાને કુંડમાં ડૂબાડીને સ્નાન કરાવવામા આવશે અને પૂષ્પો અર્પણ કરવામાં આવશે. અભિષેક બાદ ભવ્ય આરતી કરવામાં આવશે અને ત્યારબાદ ભગવાનની પ્રતિમાને મંદિરના કુંડમાં નૌકાવિહાર કરાવવામાં આવશે. પૌઆને ઘટ્ટકરલે દૂધ, દહીં, ખાંડ, કેરી વિગેરે સાથે મિશ્ર કરીને જે રીતે રઘુનાથ દાસાએ ભક્તો માટે બધી તૈયારી કરી હતી એ રીતે વિવિધ પ્રકારના સ્વાદિષ્ટ વ્યંજનો બનનાવવામાં આવશે. આ બધા જ વ્યંજનો ભગવાન શ્રી શ્રી નિતાઈ-ગૌરાંગને અર્પણ કરવામાં આવશે અને ત્યારબાદ હાજર સૌ ભક્તોમાં પ્રસાદરૂપે વિતરણ કરવામાં આવશે.

# મહજીદ ભીતર મુલ્લા પુકારૈ, ક્યા સાહેબ તેરા બહિરા હૈ ?

પ્રસંગસર
સતીષ શામળદાન ચારણ
sscharan_aaa@yahoo.co.in



હિંદી સાહિત્યના ઈતિહાસમાં મધ્યકાળ એટલે ભક્તિયુગ..એ યુગના પ્રતિનિધિ કવિ એટલે કબીર. કબીર શબ્દનો અર્થ છે માર્મિક વચન કહેનાર. એક ભક્ત, કવિ, જ્ઞાની અને સુધારક પુરુષ જેણે પોતાની અનુભવસિદ્ધ વાણી દ્વારા લોકોને જાતિ અને સંપ્રદાયથી પર એવા અદ્વૈત અને ગહનમાં ગહન તત્વજ્ઞાનની વાતો સરળમાં સરળ દોહાઓમાં સમજાવી પરમ સત્યનો સાક્ષાત્કાર કરાવ્યો.. એક માન્યતા પ્રમાણે પંદરમી સદીમાં કાશીમાં સિકંદર લોદીના જમાનામાં થઈ ગયા. જયેષ્ઠ પૂર્ણિમાએ જન્મેલા તેઓ બ્રાહ્મણ વિધવાના પુત્ર હતા. સામાજિક મુશ્કેલીઓને કારણે તેમને જન્મતાવેંત જ લહરતારા તળાવને કાંઠે ત્યજી દેવામાં આવ્યા. ત્યજાયેલા આ બાળકને એક નીરૂ-નીમા નામના જુલાહે (જુલાહા એટલે મુસલમાની જાતિના વણકર) દંપતીએ પાળીપોષી મોટો કર્યો. આથી કબીર જુલાહા કહેવાયા અને જીવનભર જુલાહાનું કામ કર્યું. તેની સાથે ભગવાનની ભક્તિને જોડી. પોતાની વણકરની ઝુંપડીમાં રહી નિરાકાર નિરંજન રામને ભજ્યા.



(૨૦મી જુન કબીર જ્યંતી છે)

ભગવાન તો જેવાની સાથે તેવા છે કહેતા કબીરે પદ રચ્યું :

ના જાને તેરા સાહેબ કૈસા?
મહજીદ ભીતર મુલ્લા પુકારૈ
ક્યા સાહેબ તેરા બહિરા હૈ?
ચિઉટી (કીડી) કે પગ નેવર (જાંજર) બાજૈ સો ભી સાહબ સુનતા હૈ
પંડિત હોય કે આસન મારૈ લંબી માલા જપતા હૈ,
અંતર તેરે કપટ કતરની (કાતર) સો ભી સાહબ લખતા હૈ.

આવા ઘણા દોહા, સાખી અને પદો રચ્યા..આનો પંડિતો અને કાજીઓમાં વિરોધ થયો. હિંદુ કહે મુસલમાન થઈ રામનું નામ લે છે અને મુસલમાન કહે હિંદુ થઈ ખુદાનું નામ ! કાજીઓથી આ ખમાતું નહોતું અને પંડિતો ચડાવે. બંને જાતિઓમાં કબીર વિશે રોષ પેદા થયો પણ તેમણે કાશીમાં જ રહીને નીડરતાથી તે સમયની સામાજિક બદીઓનું ખંડન કરી સાચા બોધની ભક્તિભાગીરથી વહેડાવી. ભક્તિ સિવાય કશું યે કામનું નથી એ તેમનો સિદ્ધાંત હતો. અને તેને કારણે જ હિંદુ - મુસલમાન એમના શિષ્ય બન્યા. સ્વામી રામાનંદને પોતાના ગુરુ બનાવ્યા. જે તુલસીદાસના પણ ગુરુ હતા.

તેમના ભજનોનો અંગ્રેજી અને ફારસી ભાષામાં અનુવાદ થયો છે. કવિવર ટાગોરે એમના સો પદોનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે. 'ગીતાંજલી' ઉપર જો કોઈની સૌથી મોટી અસર હોય, તો તે કબીરના પદો અને દોહાઓની છે.

'ગુરુગ્રંથ સાહેબ'માં પણ કબીરવાણીનો સંગ્રહ છે. કબીરના હિંદુ-મુસ્લિમ એકતા, અછૂતોધ્ધાર, સત્ય-અહિંસા, કરની-કથનીમાં એકરૂપતા, ઉપેક્ષિત શ્રમની પ્રતિષ્ઠા અને ભાષા સમસ્યા અને તેમના પ્રવૃતિમય જીવનની બહુ મોટી અસર મહાત્મા ગાંધી ઉપર હતી.

૧૨૦ વર્ષના લાંબું આયુષ્ય ભોગવી સ્વધામ સિધાવ્યા. કાશીમાં મરનારને અનાયાસ જ મુક્તિ મળે છે અને મગહરમાં મરે તે નરકમાં જાય એવી માન્યતા હતી. કબીર આવી માન્યતામાં ફસાય તેવા નહોતા જેથી મૃત્યુ પહેલાં મગહર જઈ વસ્યા અને ત્યાં જ સંવત ૧૫૭૫ની માગશર સુદી એકાદશીના રોજ તેમનું અવસાન થયું.

કહેવાય છે કે તેમના મૃત્યુ બાદ હિંદુઓ તેમની સમાધિ અને મુસલમાનોને કબર કરવા બાબતે ઝઘડો થયો.

કબીર સાહેબના શરીર પર જે ચાદર ઓઢાડી હતી તે ઉપાડી, તો તેની નીચે શબને સ્થાને થોડાં ફૂલ પડેલાં હતાં. આ ફૂલોને હિંદુ અને મુસલમાનોએ વહેંચી લીધાં અને પોતપોતાના ધર્મરીતિ અનુસાર ક્રિયા કરી.

## વાચકોને આમંત્રણ

**'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા**

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

જૂન માસનો વિષય છે :

**'મારા પ્રેમાળ પાડોશી'**